**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૩.૦ ડીગ્રી
લઘુતમ : ૨૬.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૯ ટકા ● સાંજે ૭૬ ટકા

# ડ્રેસ ડિઝાઈનર્સને કોરોનાનું ગ્રહણ

## ડ્રેસ ડિઝાઈનર્સને ડીંગો : ખેલૈયાઓને ભાતીગળ વસ્ત્રોથી સજ્જ કરવા ડ્રેસ ડિઝાઈનર્સ દર વર્ષે લાખોનું રોકાણ કરે છે

ગાંધીનગર, તા.૧૮

કોરોનાની મહામારીને કારણે તહેવારો અને પ્રસંગો ફીક્કા થઈ ગયા છે. ગણેશચતુર્થી, શ્રાવણમાસ, રક્ષાબંધન, દશામા વ્રત આ તમામ તહેવારો આ વર્ષે કોરોનાને કારણે સાવ ખાલી ગયા એટલે કે ઉજવણી વગરના થયા. દરેક નગરજનોએ પોત પોતાના ઘરે જ રહીને આ તમામ તહેવારોની ઉજવણી કરી પરંતુ સૌનો માનીતો તહેવાર નવરાત્રી એ ઘરે ગરબા કરીને કેમનો ઉજવાશે તે મોટો પ્રશ્ન છે. તેમાં પણ ગરબાના શોખીને તે કરતા પણ ગરવા રમવા જનારા ખેલૈયાઓ જેઓ પૂર્ણ ગરબા ડ્રેસ અને ઓર્નામેન્ટસ સાથે ગરબે ઘૂમવા જતા હોય છે તેમના માટે આ વર્ષ સુકું જશે અને તે કરતાય નગરના ફેશન/ડ્રેસ ડિઝાઈનરો કે જેઓ ગરબા ડ્રેસનું વેચાણ કરતા હોય કે ડ્રેસ ભાડે આપતા હોય છે તેઓ માટે આ વર્ષ નુકશાનીભર્યું રહેશે. નવરાત્રી ન થાય એટલે ખેલૈયાઓ નવા ડ્રેસની ખરીદી નહીં કરે અને નગરના પાર્ટી પ્લોટ કે વિવિધ સંસ્થાઓ દ્વારા ગરબા સ્પર્ધા નહીં યોજાય એટલે ડ્રેસ ભાડેથી પણ નહીં જાય.

નગરના ફેશન/ડ્રેસ ડિઝાઈનર્સને આ બાબતે પૂછતા તેઓનું કહેવું છે કે આ વર્ષ તેમના માટે સૌથી વધુ નુકશાનીભર્યું રહેશે. નગરના કાવ્યા ડ્રેસના બેલા કૃણાલ શાહ આ બાબતે વાત કરતા જણાવે છે કે, અમે તો ગરબા ડ્રેસ બનાવવાની તૈયારી નવરાત્રી પતે અને તરત શરૂ કરી જ દઈએ છીએ. આ વર્ષે પણ તૈયારીઓ શરૂ થઈ ગઈ હતી પરંતુ અમને કોરોનાનો તો સહેજે ખ્યાલ પણ ન હતો. આ બિમારીને કારણે ગ્રાહકો ચણિયાચોળી કે બીજા નવરાત્રી ડ્રેસ ખરીદવા તૈયાર પણ નથી. આશા છે કે આવતા વર્ષે આ ડ્રેસ ચાલે. ભાડે ડ્રેસ આપવામાં અમને લગભગ ૧૦ લાખ રૂપિયાનું નુકશાન થયું છે.

આ ઉપરાંત નગરના મલહાર ડ્રેસના ચિરાગ અડાલજા આ બાબતે વાત કરતા જણાવે છે કે અમારા નવરાત્રીના ડ્રેસનું ઈન્વેસ્ટમેન્ટ નવરાત્રી પછી તરત શરૂ થઈ જ જાય છે. ડ્રેસ બનવા પણ લાગે છે. અમારું દર વર્ષે ૧૦ લાખ ઉપરનું ગરબા ડ્રેસનું રોકાણ હોય છે. આ વર્ષે તેમાં ચાળીસેક ટકા જેટલી ખોટ જશે અને આ વર્ષે આમેય ડ્રેસ ભાડે આપીએ તો પણ કોણ કયા ડ્રેસ પહેરશે તે ખબર નથી હોતી. કોરોનાને કારણે જનજીવન સુરક્ષિત રહે તે કારણો સર આ વર્ષે નવરાત્રીમાં ડ્રેસ ભાડે ના જાય એ જ યોગ્ય છે.

શહેરના ફેશન ડિઝાઈનર રવિ પટેલ આ બાબતે વધુ વાત કરતા જણાવે છે કે, અત્યારે ગ્રાહકો કોરોનાને કારણે નવરાત્રી ડ્રેસ ડિઝાઈન કરાવીને ઈન્વેસ્ટ કરવાનું ટાળીને આવતા વર્ષે ઈન્વેસ્ટ કરીશું તેમ કહે છે. આમ તો દર વર્ષે નવરાત્રી પહેલા જ એકિઝબીશન થતા પરંતુ આ વર્ષે તો એ પણ નથી થયા. દર વર્ષે ડ્રેસ ડીઝાઈન કરુ છું તે મુજબ આ વર્ષે લગભગ ચાર થી પાંચ લાખનું નુકશાન થયું છે.

આમ, આ વર્ષે કોરોનાને કારણે નવરાત્રીનું આયોજન નગરમાં રદ્દ થયું હોવાથી આ તહેવાર સાથે જોડાયેલ નવરાત્રી ડ્રેસ ડિઝાઈનર અને ભાડે આપનાર તમામને આ વર્ષે ધંધામાં ભારે નુકશાન ભોગવવું પડશે.





### કોરોના કાળમાં ડ્રેસ ડિઝાઈનનું કામ પડતું મૂકયું

સ્વાસ્થ્યને પ્રાધાન્ય આપી નવરાત્રી ન થાય તે યોગ્ય છે પરંતુ તેને કારણે અમારી ફેશન ઈન્ડસ્ટ્રીને નુકશાન થયું છે. મને રેગ્યુલર કસ્ટમરના ફોન ઓગસ્ટ મહિનાથી આવવા લાગ્યા હતા પરંતુ હાલની કોરોનાની પરિસ્થિતિને કારણે મેં ડ્રેસ ડિઝાઈન કર્યા જ નથી. હું નવરાત્રિના ચાર છ મહિના પહેલાથી જ તૈયારી કરતી હોઉં છું. વળી આ વર્ષે ઓગસ્ટ મહિના સુધી તો લોકડાઉન-અનલોકને કારણે તો કાપડ પણ મળતા નહતા એટલે આ તમામ બાબતને ધ્યાનમાં લઈ સ્વાસ્થ્યને પ્રાધાન્ય આપી મારે મારો નવરાત્રી ડ્રેસ ડિઝઈનીંગનો ધંધો સાઈડમાં મુકવો પડયો છે. જેને લીધે મને લગભગ દર વર્ષની સરખામણીએ દોઢેક લાખનું નુકશાન થયું છે એવું નગરના ફેશન ડિઝાઈનર પ્રાચી મહેતાનું કહેવું છે.

## કોરોનાના શંકાસ્પદ દર્દીનું મૃત્યુ થતા દર્દીના સગાઓનો સિવિલમાં હોબાળો

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં કોરોનાના શંકાસ્પદ દર્દીનું મૃત્યું થતા તેમના પરિવારજનોએ સિવિલમાં હોબાળો મચાવ્યો હતો. દર્દીના રીપોર્ટ અને સેમ્પલ અંગે પ્રશ્નો કરીને સિવિલના સત્તાધિશો સાથે ઉગ્ર બોલાચાલી થતા પોલીસ બોલાવવાની સિવિલ તંત્રને ફરજ પડી હતી.

મળતી માહિતી મુજબ ગાંધીનગર નજીક રૂપાલ ગામના ૬૭ વર્ષિય વૃધ્ધનો ગત તા.૧૨ રોજ કોરોનાનો રીપોટીવ નેગેટીવ આવ્યો હતો. તેમ છતા શ્વાસ લેવામાં વડીલને તકલીફ જણાતી હતી. જેથી તેઓને તા.૧૫ ના રોજ ગાંધીનર સિવિલમાં એડમીટ કરાયા હતા. દર્દીને ૭ માળે શંકાસ્પદ વોર્ડમાં રાખવામાં આવ્યા હતા. તે દરમિયાન તેમના એકસ-રે સહિત બલ્ડ ટેસ્ટ પણ કરાવવામાં આવ્યા હતા.તો બીજીતરફ શંકાસ્પદ દર્દીને જે રીતે સારવાર આપવામાં આવે છે તે જ પ્રકારે વડીલને સારવાર આપવામાં આવતી હોવાનો દાવો સિવિલના સત્તાધિશો તેમની ફાઈલમાં નોંધ થયેલી ટ્રીટમેન્ટ આધારે કરી રહ્યા છે. ત્યારે આજે સવારે અચાનક દર્દીનું મૃત્યું થયુ હતું. બનાવ અંગે મૃતકના સગાને ફોન કરીને જાણ કરાઈ હતી. જેથી તેઓના સગા આવ્યા હતા અને કોરોનાનો રીપોર્ટ માંગ્યો હતો. તે દર્દીની ફાઈલમાં ન હતો. ત્યારે મૃતકના પરિવારજનોએ હોબાળો મચાવ્યો હતો. સિવિલની ઓફિસ એરીયામાં આવીને સગાઓએ હોબાળો મચાવ્યો હતો. જેને પગલે સિવિલના તંત્ર દ્વારા પોલીસ બોલાવવી પડી હતી.

**સરગાસણના અનિર્દેશ બંગ્લોઝની ઘટના**

## “મારી ગાડીને લીસોટા કેમ પાડ્યા” કહીને ૧૪ વર્ષિય કિશોરને માર માર્યો

ગાંધીનગર,તા.૧૮

ન્યુ ગાંધીનગરના સરગાસણ અનિર્દેશ બંગ્લોઝ નં.૧૧ ખાતે રહેતા કોકિલાબેન જયેન્દ્રભાઈ રાવલે નોંધાવેલી ફરીયાદ મુજબ ગુરુવારના રોજ બપોરના ૧૨ વાગ્યાના સુમારે તેઓ તેમના પતિ અને ૧૪ વર્ષિય પૌત્ર ઘરે હાજર હતા. તે સમયે પૌત્ર ઘરના ઉપરના મજલે ઓનલાઈન અભ્યાસ કરી રહ્યો હતો.તે સમયે ફરીયાદીના પાડોશી કૈલાશબેન તેમજ તેમના પતિ વિક્રમભાઈ દેસાઈ આવ્યા હતા. તેમણે મીત ક્યાં છે તેણે મારી ગાડીમાં લીસોટા પાડયા છે. તેમ કહેતા ફરીયાદીએ મીત આવું કામ ન કરે તેમ જવાબ આપતા બંને પતિ-પત્નિ ઉશ્કેરાઈ ગયા હતા. તેઓ ફરીયાદી સાથે મારામારી કરવા લાગ્યા હતા. ત્યારબાદ વિક્રમભાઈ ઉપરના માળે જઈને મીતને નીચે લાવીને ગડદાપાટુનો માર માર્યો હતો. ઝઘડાને પગલે હોહા થતા સોસાયટીના બહેનો આવી જઈને છોડાવવા માટે વચ્ચે પડતા તેઓને પણ ઈજા પહોંચી હતી. ફરીયાદી તેમજ પૌત્રને દંપતિએ ઘરમાંથી બહાર ઘસેડીને બહાર માર્ગ પર લાવ્યા હતા અને માર માર્યો હતો. ત્યારબાદ થોડીવાર પછી ફરીયાદીના ઘર પાસે એક નંબર વિનાની ફોરચ્યુનર કાર આવીને ઉભી રહી હતી જેમાં ચાર શખ્સો બેઠેલા હતા. તેમાં એક શખ્સે હું તારાપુરનો વિક્રમ છું. તમે ઘરની બહાર આવશો તો ટાંટીયા ભાગી નાંખીશ તેમજ ફરીયાદીના દિકરાને પણ જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. જેને પગલે કોકિલાબેન રાવલે પાડોશમાં રહેતા વિક્રમ દેસાઈ, કૈલાશબેન દેસાઈ તેમજ વિક્રમ દેસાઈ અને અન્ય ત્રણ શખ્સો સામે અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

## વડાપ્રધાનના જન્મદિન નિમિત્તે ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી દ્વારા રકતદાન કેમ્પ યોજાયો





ગાંધીનગર, તા.૧૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ૭૦મા જન્મદિન નિમિત્તે ઈન્ડિયન રોડક્રોસ સોસાયટી દ્વારા કલોલ, માણસા અને જિલ્લા શાખા દ્વારા રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કલોલમાં દિલીપભાઈ દવે, માણસામાં દિનેશભાઈ વ્યાસ અને ગાંધીનગરમાં નિમાવતભાઈ દ્વારા ૭૦ બોટલ રકત એકત્રિત કરી થેલેસેમિયા દર્દીઓને અર્પણ કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું આયોજન જિલ્લા રેડક્રોસ ચેરમેન જીલુભા ધાંધલ દ્વારા કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત રેડક્રોસના પ્રથમ સ્થાપક ચેરમેન જે.એન. પરીખ અને રામસિંહભાઈ આર્મીમેન દ્વારા ગ્રામ્યની વિધવા અને નિઃસહાય ૨૦ બહેનોને કરિયાણાની કીટ આપવામાં આવી હતી.



‘પેટ કરાવે વેઠ…’ આ ઉકિત આ તસવીર જોઈ સાચી લાગે છે. લાંબા લોકડાઉન બાદ ધંધા-રોજગાર ધીમે ધીમે શરૂ થયા છે. બાંધકામ ઉદ્યોગ પણ રફતાર પકડી રહ્યો છે. મજૂરો પોતાના વતનથી પાછા આવી કામે ચઢયા છે. કામ શરૂ થયા છે પરંતુ તેની જોખમી મુસાફરીનો કોઈ અંત દેખાતો નથી. ધાબુ ભરતા શ્રમિકો ધાબુ ભરવાના મશીન સાથે ખુબ જ જોખમી રીતે મુસાફરી કરી રહ્યા છે. વળી મજુરો સાથે તેમના નાના બાળકો પણ જોડાયા છે.

## બહારગામથી આવનારા જેઈઈ એડવાન્સ્ડના ઉમેદવારોને આઈઆઈટી-ગાંધીનગર રહેવાની સુવિધા આપશે

ગાંધીનગર, તા.૧૮

વર્તમાન સમયમાં કોરોના રોગચાળાની પરિસ્થિતિમાં જેઈઈ એડવાન્સ્ડ પરીક્ષા આપનારા ઉમેદવારોને મદદરૂપ થવાના લક્ષ્ય સાથે પાલજ ખાતેની ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી- ગાંધીનગર ઉમેદવારોને અને તેમના માતા-પિતાને આઈઆઈટીજીએન કેમ્પસમાં મર્યાદિત સમય માટે રહેવાની સુવિધા પૂરી પાડશે.

આ વિશેષ વ્યવસ્થા વિશે વાત કરતાં આઈઆઈટીજીએનના ડિરેક્ટર પ્રો.સુધિર જૈને જણાવ્યું હતું કે, ‘આ સમયે, તે ઉમેદવારો અને તેમના વાલીઓ માટે નિશ્ચિતરૂપે પડકારજનક છે કે જેમની જેઈઈ એડવાન્સ્ડ પરીક્ષા કેન્દ્રો તેમના વર્તમાન નિવાસસ્થાનથી ખૂબ દૂર છે અને તેઓને શોધવા માટે ચિંતિત હોવા જોઈએ. આઈઆઈટીજીએન સંવેદનશીલ સંસ્થા બનવાની ઈચ્છા રાખે છે. આવા ઉમેદવારોને રાતોરાત કેમ્પસમાં સલામતી સાથે રહેવાની સુવિધા આપવી એ કેટલાક ચિંતિત ઉમેદવારો અને તેમના માતાપિતાને રાહત આપવાનો સાધારણ પ્રયાસ છે.’ જેઈઈ એડવાન્સ્ડ પરિક્ષાના એ ઉમેદવારો જેઓને બહારગામથી આવીને ગાંધીનગર કે અમદાવાદ પરીક્ષા કેન્દ્ર પર પરીક્ષા આપવાની છે તેઓ આ સુવિધાનો લાભ લઈ શકશે. આઈઆઈટીજીએન કેમ્પસમાં રાતવાસો રોકવા માંગતા ઉમેદવારો આ માટે વેબસાઈટ https://www.iitgn.ac.in/jeeaes પર નોંધણી કરાવી શકે છે. રજિસ્ટર્ડ ઉમેદવારોને આઈઆઈટીજીએન દ્વારા આ બાબતે સંદેશાવ્યવહાર અને વિગતો પ્રાપ્ત થશે.

## જાયન્ટસ ગ્રુપ ઓફ ગાંધીનગર દ્વારા કૈલાસધામ વૃધ્ધાશ્રમમાં ફ્રુટ તથા બિસ્કીટનું વિતરણ

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર મહુડી રોડ ઉપર આવેલ ‘કૈલાસધામ વૃધ્ધાશ્રમ’માં રહેતા અંદાજીત ૧૨૦ જેટલા વૃધ્ધ દાદા-દાદી માટે જાયન્ટસ ગ્રુપ ઓફ ગાંધીનગર મેઈન/સાહેલી દ્વારા જુદા જુદા ફ્રુટસ તથા પાર્લે જી બસ્કીટના પેકેટનો ‘જાયન્ટસ વિક’ ઉજવણીના ભાગરૂપે સુંદર કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં બ્રાન્ચ પ્રમુખ બી.એમ. પટેલ, યુનીટ ડાયરેકટર ગાયત્રી પટેલ, મેઈન ગ્રુપના વિકેશ પટેલ તથા સાહેલી ગ્રુપના પ્રમુખ તથા મનપા ગાંધીનગરના વોર્ડ નં.૪ના કાઉન્સીલર નીલાબેન શુકલએ હાજરી આપી હતી.



સે-૮ ખાતે રહેતા ફતેસિંહ ઝાલા પરિવારના આંગણે અમાસના પવિત્ર દિવસે સર્વ પિતૃ મોક્ષ અર્થે યુવા કથાકાર ગોસ્વામી સંજયભારતી બાપુની વ્યાસપીઠે સુંદરકાંડ પાઠનું આયોજન કરવામાં આવ્યું હતું.

## માઉન્ટેડ ડિપાર્ટમેન્ટ દ્વારા જાહેર જનતા માટે ઘોડે સવારીની તાલીમ શરૂ થશે

ગાંધીનગર, તા.૧૮

માઉન્ટેડ વિભાગ દ્વારા ગાંધીનગર જિલ્લા પોલીસ અધિક્ષકની સુચના મુજબ ગાંધીનગર જિલ્લાના નાગિરકો તથા વિદ્યાર્થીઓ ઘોડે સવારીની તાલીમ લઈ શકે તે હેતુસર ઘોડેસવારીની તાલીમનું આયોજન કરવામાં આવ્યું છે. તા. ૧ ઓકટોબરથી આ તાલીમ શરૂ થશે માઉન્ટેડ શાખાના પોલીસ સબ ઈન્સ્પેકટર એમ.એસ. ચુડાસમા દ્વારા જણાવાયું છે કે, જાહેર જનતા તેમજ સ્કુલ-કોલેજમાં ભણતા ઓછામાં ઓછી ૧૫ વર્ષની ઉંમરના વિદ્યાર્થીઓ આ તાલીમમાં જોડાઈ શકે છે અને આ તાલીમ બાબતે પ્રવેશ લેવા ઈચ્છતા ઉમેદવારે ગાંધીનગર પોલિસ અધિક્ષકની કચેરી, હેડ કવાર્ટર, સેકટર-૨૭ ખાતે માઉન્ટેડ પોલીસ સબ ઈન્સ્પેકટરનો સંપર્ક મો.નં. ૯૭૨૬૪૯૨૮૨૮ પર કરવાનો રહેશે.

## ઈન્ફોસીટી ટાઉનશીપમાં શેરી ગરબાની ઉજવણી રદ

કોવિડ-૧૯ને કારણે નગરમાં કોઈપણ તહેવાર ઉજવાયા નથી અને આવનાર તહેવાર નવરાત્રી પણ નગરના ગરબા સંચાલકો દ્વારા કેન્સલ કરવામાં આવી છે ત્યારે આ મહામારીના સંક્રમણને ફેલાતુ અટકાવવાના હેતુથી તથા સરકાર દ્વારા પ્રસિધ્ધ ગાઈડલાઈનનું પાલન થાય તે ઉદ્દેશ્યથી સામાજીક સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખીને ઈન્ફોસીટી ગાંધીનગર ઓનર્સ નવરાત્રિ મહોત્સવ સમિતિ દ્વારા ટાઉનશીપમાં દર વર્ષે યોજાતા શેરી ગરબાનું આયોજન બંધ રખાયું છે તેમ ઈન્ફોસીટી ઓનર્સ નવરાત્રી મહોત્સવ સમિતિના પ્રમુખ ભીખાભાઈ પટેલ દ્વારા જણાવાયું છે.

### ચિરવિદાય

- સ્વ. ખોડીદાસ મુળાભાઈ જાદવ, ઉ.વ. ૮૧, સેકટર-૮, ગાંધીનગર
- સ્વ. પ્રજાપતિ ગોપાલભાઈ મગનભાઈ, ઉ.વ. ૭૨, સરદારનગર, અમદાવાદ
- સ્વ. પટેલ જશુભાઈ રણછોડભાઈ, ઉ.વ. ૬૨, કુડાસણ, ગાંધીનગર
- સ્વ. પંડયા નરેન્દ્રકુમાર મુકુંદકુમાર, ઉ.વ. ૪૯, મુબારકપુર, તા. ગાંધીનગર
- સ્વ. રમેશચંદ્ર હંસરાજભાઈ ચુડાસમા, ઉ.વ. ૭૩, અમરાઈવાડી, અમદાવાદ
- સ્વ. પુષ્પાબેન ભીખુભાઈ કડીવાલા, ઉ.વ. ૬૬, ઓઢવ, અમદાવાદ
- સ્વ. જયેશ છોટાલાલ ભાલાણી, ઉ.વ. ૬૦, સેકટર-૨૨, ગાંધીનગર
- સ્વ. કીરીટકુમાર રામશંકર જોષી, ઉ.વ. ૫૨, પાલુન્દ્રા, તા. દહેગામ

## ગાંધીનગરના રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા અધ્યાપકનું એફબી એકાઉન્ટ હેક કરી ઠગાઈનો પ્રયાસ

### હેકરે ફેસબુક મેસેન્જર દ્વારા મેસેજ કરી મેડિકલ ઈમરજન્સીના નામે રૂ.૧લાખ માંગ્યા : થોડા સમય પહેલા શહેરના એક હાસ્ય કલાકાર સાથે પણ આવી જ ઘટના બની હતી

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગરમાં પણ હવે સાઈબર ક્રાઈમને લગતા ગુના દિન પ્રતિદિન વધતા જઈ રહ્યા છે. આજે ગાંધીનગરના એક જાણીતા અધ્યાપક અને રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા એનએસએસ પ્રોગ્રામ ઓફિસર ડો. રણછોડ રથવીનું ફેસબુક એકાઉન્ટ હેક થયું હતું અને તેના દ્વારા હેકરે તેમના મિત્રો સ્નેહીજનો પાસે તેમની ભત્રીજીનું ઓપરેશન હોવાથી નાણાંની જરૂર હોવાની વાત કરી રૂ.૧લાખ ઉછીના માંગ્યા હતા, સદભાગ્યે ડો. રથવીને આ વાતની જાણ થતાં તેમણે તુરંત જ મિત્રોને સાવધ કરીને પોલીસને આ ઘટનાની જાણ કરી હતી.

આજકાલ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ જીવનનો એક અભિન્ન હિસ્સો બનતું જાય છે પરંતુ તે સાથે સાથે સોશિયલ મીડિયાના પ્લેટફોર્મનો દુરુપયોગ કરનારા તેમજ સોશિયલ મીડિયાના યુઝર્સના એકાઉન્ટ હેક કરી ગુનાખોરી આચરવાના કિસ્સા પણ દિન પ્રતિદિન વધી રહ્યા છે.

હજુ થોડા સમય પહેલાં ગાંધીનગરના એક હાસ્ય કલાકારનું ફેસબુક એકાઉન્ટ હેક કરી તેમના મિત્રો પાસેથી નાણાંની ઉઘરાણી કરવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો હતો તેવો જ બીજો એક કિસ્સો ફરી ગાંધીનગરમાં બનવા પામ્યો છે જેમાં આ વખતે શહેરના એક જાણીતા શૈક્ષણિક સંકુલના પ્રાધ્યાપક તેનો ભોગ બન્યા છે ગાંધીનગરની એ એ પટેલ કોમર્સ કોલેજના અધ્યાપક અને એનએસએસ પ્રોગ્રામ ઓફિસર ડૉ રણછોડ રથવીના ફેસબુક એકાઉન્ટને કોઈક અજાણ્યા હેકર દ્વારા હેક કરવામાં આવ્યું છે અને હેકર્સ દ્વારા તેમના એફબી મિત્રોને મેસેન્જર દ્વારા મેસેજ કરી મેડિકલ ઈમરજન્સીના નામે નાણાં ઉછીના માંગી ઠગાઈ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. હેકર દ્વારા રૂ. ૯૦હજારથી રૂ.૧લાખ સુધીના નાંણાની માંગણી કરવામાં આવી હતી. સદભાગ્યે ડો. રથવીને કેટલાક મિત્રોએ ફોન કરી આ વાતની ખરાઈ કરતાં સમગ્ર ઘટના જાણમાં આવી હતી અને તેમણે તુરંત જ મિત્રોને સાવધ કરવા સાથે પોલીસને પણ જાણ કરવા સાથે જાણવાજોગ અરજી આપી હતી. આ સાથે તેમના મિત્રો હેકરની ઠગાઈનો ભોગ બનતા બચી જવા પામ્યા છે પરંતુ આ પ્રકારના કિસ્સા જે રીતે વધી રહ્યા છે તે જોતાં નાગરિકોએ હવે સોશિયલ મીડિયાનો ઉપયોગ કરવામાં સાવધાની રાખવાની જરૂર જણાય છે.

### ઠગે નાણાં કેવી રીતે ચૂકવવા કહ્યું?

જે હેકરે ડો.રણછોડ રથવીનું એફબી એકાઉન્ટ હેક કરી છેતરપિંડી આચરવા પ્રયાસ કર્યો છે તેણે પોતાને નાણાં કેવી રીતે આપવામાં આવે તેવું જેને મેસેજ કર્યો હતો તે મિત્રો દ્વારા પુછવામાં આવતા હેકરે કોટક મહિન્દ્રા બેંકની બેલ્લાન્દુર શાખામાં ‘સની મારક’ નામના ખાતા ધારકના ખાતા નં. ૭૨૧૨૦૮૭૭૯૯ પાન નં. ડીએચપીપીએમ૩૭૧૬એલ ના ખાતામાં નાણાં જમા કરાવવા જણાવ્યુ હતું. પોલીસ આ વિગતોને આધારે ઠગ સુધી પહોચી શકે છે.